# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

નિબંધ મેં લખ્યા નથી કે વારતા કરી નથી.
હૃદયને ખોલવા કદી પ્રસ્તાવના કરી નથી.

કરી છે સરભરા સતત, જરાતરા કરી નથી,
હે જિંદગી, તને મેં મારાથી જુદા કરી નથી.

લગીર હું પણાં વગર સવાલ ને જવાબ હોય,
મેં મિત્રતાની કંઈ વધારે ધારણાં કરી નથી.

કદીક શબ્દ અવતરે કદીક મૌન ઝળહળે,
મળાય મનભરીને ત્યાં કદી સભા કરી નથી.

- લક્ષ્મી ડોબરિયા

## પાથેય

- રમેશ ઠક્કર

### જિંદગીની સરભરા

વાણીના અનેક મુકામ છે.દરેકને કયાંક ને ક્યાંક વ્યક્ત થવું ગમે છે.એના માટેના વિવિધ આયામો છે.માણસ ગીતો ગાય છે.સંગીત વગાડે છે.નાટક કે નૃત્ય કલામાં પારંગત બની છે.જાતજાતના અભિનય કરતો રહે છે.લખવાનો જેને શોખ હોય એ કવિતા લખે કે ગઝલ લખે..નાટક લખે વાર્તા લખે..કોઇકની પ્રસ્તાવના પણ લખે.એ રીતે એ પોતાના ભાવોને મૂર્ત સ્વરૂપ આપતો રહે છે.કોઇ માણસ આવું ના કરે તો ચાલે કે નહીં ? આ પ્રશ્ન બહુ માર્મિક છે.આપણે સહુ ઉપરચોટિયા સંવેદનોનો શિકાર બનતા રહીએ છીએ.ખરેખર હદયની જે ભાષા છે..એમાં જે વિશુદ્ધ લાગણીઓ ઉદભવે છે એ માટે કોઈ પ્રસ્તાવનાની જરૂર પડતી નથી.

સાચી નિષ્ઠાથી જીવન જીવતા રહેવું એ જ આમ તો સાચો અભિગમ છે.મુખ મેં રામ બગલ મેં છૂટી.એમ બે ધારી રીતે જીવવું નિરર્થક છે.જીવનનો કુદરતી લય પકડીને એને અનુસરવામાં મજા છે આવું બધા લોકો કરી શકતા નથી.આપણે કોઇકના મૃત્યુ પ્રસંગે જઇએ છીએ ત્યારે મરનાર વ્યકિત કેટલું જીવી એની ગણતરી વર્ષોમાં કરી એના જીવનનો હિસાબ કાઢીએ છીએ.એ માણસ કેટલી ખુશીઓ સાથે જીવ્યો એનું માપ કાઢતા નથી.જે માણસ ભરપૂર રીતે જીવી જાય છે એને આવો કોઇ વસવસો રહેતો નથી.જિંદગીને જૂદી જૂદી રીતે જીવનારા જ એવો ભય સતાવે..જે વ્યકિત જિંદગીની બરાબર સરભરા કરે એટલે કે નિષ્ઠાપૂર્વક જીવે છે એને એ વાતનો સંતોષ હોય છે કે પોતે જિંદગીને બરાબર સાચવી લીધી છે..

સાચી મૈત્રીની ઓળખ શું હોઇ શકે ? જેની સાથે તમે કોઇપણ દંભ વગર કે અહમ વગર વાતચીત કરો શકો એ જ સાચો મિત્ર.હું પણું જયાં જરાય ના કરે..વાણી અને વર્તન જયાં નિર્મળ વહેતા નીરની માફક ખળખળ રીતે વહેતાં રહે એવા કરનારાઓ ઉપર સાચો સંબંધ પાંગરતો હોય છે.સાચી મિત્રતાની ધારણા આથી વિશેષ હોઇ શકે નહીં.

બે પાંચ જણા દિલથી મળે કે ઉમળકાના ભાવથી મળે એ મોટાં આયોજનો કરી ભેગી થતી ભીડ કરતાં વધારે મૂલ્યવાન હોય છે.આપણી લાગણીને બરાબર રીતે વ્યક્ત કરે એવા શબ્દનું અવતરણ યાદગાર હોય છે..ઘણીવાર મૌન પણ એટલું જ અસરદાર હોય છે.બોલવું કે ચૂપચાપ પ્રતિભાવ આપવો એ બંનેમાં મુખ ઉપર ઉપસી આવતી સહજ રેખાઓનું સૌંદર્ય અગત્યનો ભાગ ભજવે છે.જયાં આપણા ભાવોને મુકતમને રજૂ કરી શકાય..આપણી લાગણીઓને સંકોચ વગર વ્યક્ત કરી શકાય એ જગ્યાએ મોટી સભા ના હોય તો પણ ચાલે.એક આત્મીય માણસની હૂંફ ભીડના ગોકીરા કરતાં અનેકગણી ગૌરવશાળી હોય છે.

# નિષ્ફળ જવાનું રિસ્ક લીધે જ સફળ થવાશે




નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

તરુણાવસ્થાથી લઈને યુવાવસ્થા સુધી પહોંચતા માનવ આ દુનિયા જોઈ અચંબિત થઈ ગયો હોય છે. શાળાકીય જીવનનાં બહારની દુનિયા એને ખૂબ આકર્ષિત કરે છે સાથે જ એના મનમાં એક ભય પણ પેદા કરે છે. એને એના ભવિષ્યની ચિંતા સતાવવા લાગે છે.

વાત જ્યારે ફક્ત વિચાર કરવાની હોય ત્યારે ચોથા પાંચમા ધોરણમાં ભણતા દરેક વિદ્યાર્થીને એમ જ હોય કે અમે મોટા થઈશું એટલે ભુક્કા બોલાવી દઈશું! આખી દુનિયા પર રાજ કરીશું અને ટાટા, બિરલા કે અંબાણીને પણ ક્યાંય પાછળ છોડી દઈશું. એ જ છોકરું જ્યારે દસમાં ધોરણમાં આવે ત્યારે વિચારશે કે એવું તો શું કરી શકાય જેથી ઝડપથી અમીર બની જવાય? એ સમયે ઓફિસમાં આરામથી બેઠા બેઠા લેપટોપ પર કામ કરી માર્ક ઝકર બર્ગ કે એલન મસ્ક જેટલા અમીર થઈ જવાનું એનું સપનું હોય. બીજા બે વરસ પસાર થતાં એને ખ્યાલ આવે છે કે ભણવું સાવ નક્કામું છે. ગમ્મે તે કોલેજમાં જાઓ એ તમને એક સારી નોકરીથી વિશેષ કંઈ જ નથી અપાવી શકવાની...મોટાભાગના વિદ્યાર્થી આટલે આવી ને દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બનવાના પોતાના જ વિચાર પર હસી નાંખે છે!

હા, કેટલાક નોંખી માટીના બનેલા



જીવ કોલેજ દરમિયાન જ નક્કી કરી લે છે કે એમણે અહીંયાથી નીકળીને આગળ શું કરવાનું છે અને યેનકેન પ્રકારે સફળ થઈને જ રહે છે. એમના હીરો વોરેન બફેટ કે નારાયણ મૂર્તિ જેવા લોકો હોય શકે છે. હવે આ તો વાત થઈ હોશિયાર લોકોની. જેમને ખરેખર ભણવામાં રસ છે એ કંઈનું કંઈ કરી એકાદ નાનો મોટો વ્યવસાય કે નોકરી મેળવી લેવાના પણ વિચારો જે લોકોને ભણવામાં રસ જ નથી એમનું શું?

એક છોકરો અગિયારમાં ધોરણમાં ભણતો હતો. ત્યારે એક વિષયના એના માર્ક્સ જોઈ શિક્ષકે કહ્યું કે તું તારા જીવનમાં કશું જ ઉકાળી નહીં શકે. આટલા સહેલા વિષયમાં પણ જો તારે આટલા ઓછા માર્ક્સ આવે છે તો લખીને રાખ આગળ જતા તારું કોઈ ભવિષ્ય જ નથી.

છોકરાને આખા ક્લાસ વચ્ચે શિક્ષકે કહેલાં આ શબ્દો અપમાનજનક લાગ્યા. એના મનમાં વિચાર આવ્યો કે એક મને ના ફાવતો વિષય મારું ભવિષ્ય કેવી રીતે નક્કી કરી શકે? એણે ઘરે જઈને કહી દીધું કે મારે હવે આગળ અભ્યાસ નથી કરવો. ઘરમાં બધા એની વાત સાંભળી આઘાતમાં આવી ગયા. એને એના પપ્પાએ ઘણું સમજાવ્યો પણ એ છોકરો એકનો બે ના થયો. એનું કહેવું હતું કે જ્યાં એને આગળ વધવાની રાહ દેખાડનાર ગુરુ જ એમ કહે કે તારુ કોઈ ભવિષ્ય નથી ત્યાં વરસો બરબાદ કરીને કોઈ ફાયદો નથી થવાનો.

એ છોકરાએ એક કામ શોધી લીધું અને ભણવાનું છોડી કમાવાનું ચાલુ કર્યું. ફાર્મા કંપનીઓ માટે જરૂરી માલ સમાન લાવવા લઈ જવાનું એનું કામ હતું. ત્યાં એણે જોયું કે મોટા ભાગની ફાર્મા કંપનીઓને જે કાચા માલની જરૂર પડતી હતી એ જો ઉત્તપન્ન કરી શકાય તો સરળતાથી વધારે રૂપિયા કમાઈ શકાય. એણે એના પપ્પાને વાત કરી અને કહ્યું કે એને ગધેડાનું ફાર્મ બનાવવું છે.

એના પપ્પા બિચારા ફરી આઘાતમાં આવી ગયા. પશુપાલન કરવું હોય તો ગાય કે ભેંસ રખાય છેલ્લે ઘોડાય ચાલી જાય પણ ગધેડાં પાળીને શું ફાયદો! છોકરો એની વાત પર અડી રહ્યો ત્યારે પપ્પાએ એને બે ગધેડાં ખરીદવામાં મદદ કરી. છોકરો ખુશ થઈ ગધેડાનું એક જોડું લઈ આવ્યો અને એની સરસ રીતે સારસંભાળ લેવા લાગ્યો. ધીમે ધીમે ગધેડાની સંખ્યા વધવા લાગી. બેમાંથી ચાર થયાં, આઠ થયાં અને આજે એ છોકરા પાસે સેંકડો ગધેડાં છે. ગધેડાને રાખવા સુંદર ફાર્મ અને માણસો છે.

તમને થશે ગધેડાં પાળીને એ છોકરો કેટલું કમાઈ લેતો હશે, હેં ને? માર્કેટમાં ગધેડીનું દૂધ સાત હજાર રૂપિયા પ્રતિ લિટર વેચાય છે. એ છોકરાની રોજનીઆવક ગણી જુઓ. હવે પાછું તમને થશે કે આટલા ઉંચા ભાવે ગધેડીનું દૂધ ખરીદતું કોણ હશે?

જૂના વખતમાં કહેવાતું કે ઇજિપ્તની રાણી ક્લિયોપેટ્રા ગધેડીના દૂધથી સ્નાન કરતી. એનાથી એની ત્વચા વધારે સુંવાળી અને ચમકતી રહેતી. હવે આ જ કીમિયો ફાર્મા કંપની વાળાએ અપનાવ્યો છે. ગધેડીના દૂધમાં એન્ટીએજીંગ, એન્ટી ઓક્સિડન્ટ અને બીજા પણ કેટલાય ગુણ રહેલાં છે જે માનવની લાંબો સમય યુવાન રહેવાની ઈચ્છા પૂરી કરવા બનાવાતી ક્રીમ અને લોશનમાં કામમાં આવે છે. હવે સમજાણુંને કે એ છોકરાના ફાર્મનું દૂધ કોણ ખરીદે છે. છોકરાએ જ્યારે શાળા છોડી કામ કરવાનું ચાલું કરેલું ત્યારે એણે જોયેલું કે ગધેડીના દૂધની અહીંયા માંગ વધારે અને ઉત્પાદન ઓછું છે. એણે એ દૂધનું ઉત્પાદનમાં કરવાનો વિચાર કર્યો હતો અને ગધેડાં ખરીદવાની ઈચ્છા વ્યક્તિ કરેલી....


એ છોકરો એટલે બાબુ જે કર્ણાટકના બેંગલુરુમાં પોતાના ગધેડાના ફાર્મ ચલાવે છે. કહેવાનું એટલું જ કે હતોત્સાહ થયા વગર આંખ અને કાન ખુલ્લા રાખી મહેનત કરનાર ક્યારેય હારતો નથી. જો એ સારું ભણ્યો હોત અને આ વ્યવસાયમાં આવ્યો હોત તો એનો વેપાર આજે દેશ પરદેશની સરહદો ઓળંગી ક્યાંય આગળ વધી ગયો હોત એની ના નહીં પણ એને આ વ્યવસાયમાં આવવાનું મન થયું હોત કે કેમ એ કોને ખબર! એ છોકરાની સાથે ભણતા બીજા હોશિયાર છોકરાઓમાંથી કેમ કોઈને આવો વિચાર નહીં આવ્યો હોય એ વિચારવું પણ જરૂરી છે પાછું. તમે વિચારી જુઓ...

**અમસ્તું,**

નસીબ તો ઉપરવાળાએ બધાને આપ્યું છે બસ, એને જગાડવાનું તમારા હાથમાં છે...

@Niyati Kapadia

# છેલ્લા ચારેક મહીનાથી ઘરમાં આવું જ ચાલી રહ્યું હતું



સ-રસ
મમતા બુચ

"દર મહીને તારે શું હોય છે ત્યાં?" અમીષાએ આજુ-બાજુનાં ચાર ઘર સાંભળે એટલી મોટી ત્રાડ પાડી. "એ બધું જાણીને તારે શું કામ છે? તું તારે ઘરમાં બેસીને સિરિયલો જો ને." એટલી જ ઠંડકથી કૌટિલ્યએ જવાબ વાળ્યો. "તું એમ ન માનીશ કે મને કંઈ ખબર નથી." અમીષાનું મગજ હજી પણ તપેલા લોઢા જેવું ગરમ હતું. "એમ? શું ખબર છે તને, બોલ?" કૌટિલ્યએ સામે પ્રશ્ન કર્યો. "શું તે....તું પેલી તારી સગલી જોડે ઘડીએ-ઘડીએ ત્યાં દોડી જાય છે એ હું નથી જાણતી?" અમીષાએ આગઝરતી આંખે પૂછ્યું. "મારે કોઈ જવાબ નથી આપવો." કૌટિલ્યના અવાજમાં હજી એટલી જ ટાઢક હતી. "ના જ આપવો હોય ને! તારી પાસે જવાબ છે જ નહીં. જો કૌટિલ્ય, હું આ બધું ચલાવી લઉં એમાંની નથી. છોડીશ નહીં હું તને!" અમીષાના અવાજમાં સ્પષ્ટ ચેતાવણી હતી. "તો તારાથી થાય એ કરી લે. આમે ય તારામાં ઝાઝી બુધ્ધિ છે જ ક્યાં?" બોલીને કૌટિલ્ય ઘરની બહાર નીકળી ગયો.

અમીષા છુટ્ટા મોંએ રડી પડી. છેલ્લા ચારેક મહીનાથી ઘરમાં આવું જ ચાલી રહ્યું હતું. સરસ સપાટ રસ્તા ઉપર ચાલતું બંનેનું સુખી દાંપત્યજીવન અચાનક જ ફંટાઈને ઉબડખાબડ રસ્તે ચડી ગયું હતું. હજી તો લગ્નને બે વરસ જ થયાં હતાં ત્યાં બાકીનું જીવન તો કેમ કરીને સાથે વીતશે એ વિચારે અમીષાને ઊંઘ પણ નહોતી આવતી. હજી તો સોનાના સૂરજનો બાલ્યકાળ પણ પૂરો નહોતો થયો ત્યાં અચાનક એને ગ્રહણ લાગી ગયું હતું.

અમીષાના સ્મૃતિપટ ઉપર સોનાના સૂરજનું પ્રભાત તરવરી રહ્યું. લગભગ પોણા ત્રણ વર્ષ પહેલાં એની અને કૌટિલ્યની મુલાકાત એક નાટકના શોમાં થઈ હતી. અમીષા નાટક જોવા પહોંચી ત્યારે નાટક શરૂ થઈ ચૂક્યું હતું. શહેરના ટાઉનહોલના પાર્કિંગમાં ઝડપથી પોતાનું ટૂ-વ્હીલર પાર્ક કરીને અંદર જતી વેળા ત્યાં ટહેલી રહેલા એક યુવાનને એણે ઉતાવળે પૂછ્યું હતું, "નાટક શરૂ થઈ ગયું?" "હા, વીસેક મિનિટ થઈ ગઈ." એણે જવાબ આપ્યો હતો. "ઓહ માય ગોડ....", ઉતાવળે પગલે એ અંદર દોડી ગઈ હતી.

નાટક પત્યા પછી લોકોએ આડેધડ પાર્ક કરેલાં વાહનોમાંથી જ્યારે પોતાનું ટૂ-વ્હીલર કાઢવા એ મથામણ કરી રહી હતી ત્યારે પેલો યુવાન જ એની મદદે આવ્યો હતો. "થેંક્સ એ લોટ", અમીષાએ એ યુવાનનો આભાર માન્યો હતો. "એમાં શું? આમે ય હું ક્યારનો અહીં જ બેઠો હતો." એણે જવાબ આપ્યો હતો. અમીષાને નવાઈ લાગી હતી, "કેમ? તમે નાટક ના જોયું? મારાં મિત્રો અંદર બેસી ગયેલાં એટલે હું ઝડપથી અંદર દોડી ગઈ હતી પણ મને વિચાર તો આવ્યો જ હતો કે તમે બહાર શું કરી રહ્યા હશો." એ હસી પડ્યો હતો, "હું પણ નાટક જોવા આવ્યો હતો પણ મને તો થોડી જ વારમાં કંટાળો આવવા માંડ્યો એટલે બહાર આવી ગયો. મારો નાનો ભાઈ અને બહેન પણ મારી સાથે આવ્યાં હતાં અને એ બંને નાટક માણી રહ્યાં હતાં એટલે હું એમની રાહ જોઈને બહાર બેઠો." "કેમ? તમને નાટક ન ગમ્યું?" અમીષાની મોટી આંખો પહોળી થઈ ગઈ. "ના, મને ટાયલાવેડા નથી ગમતા. અને આ નાટકમાં એવું જ હતું. જેનામાં બુદ્ધિ ઓછી અને વેવલાપણું વધારે હોય એને આવાં નાટકો ગમે." એણે દબંગ સ્ટાઈલથી કહ્યું. એની એ સ્ટાઈલ અમીષાને ગમી ગઈ હતી.

એ પછી તો વાતનો દોર પણ લાંબો ચાલ્યો અને મુલાકાતો પણ. અમીષાને કૌટિલ્યની સૌથી વધારે ગમતી કોઈ વાત હોય તો એ એની બેફિકરાઈ હતી. એ અમીષાને નાનકડી છોકરીની જેમ ટ્રીટ કરતો અને એની બાળકબુદ્ધિની મજાક ઊડાવતો રહેતો.

પણ હવે એ બેફિકરાઈ જ અમીષાને ખૂંચી રહી હતી. કૌટિલ્ય પહેલી વાર ચંડીગઢ ગયો ત્યારે તો એના સ્ટાફનાં ત્રણ જણાં એની સાથે હતાં. બે પુરુષો અને બે સ્ત્રીઓ ઓફિસના કામથી બહારગામ જાય એમાં કશું ખોટું નહોતું પણ પછીની ટ્રિપમાં ફક્ત એક પુરુષ અને એક સ્ત્રી અને તે ય રૂપાળી......અમીષાનું મગજ તમતમી ઉઠ્યું હતું. અને એનો ગુસ્સો સાવ બેબુનિયાદ પણ નહોતો. કૌટિલ્ય હવે ત્રણેક દિવસની ટૂર પર વારંવાર ચંડીગઢ ઊપડી જતો હતો. બે વખત તો અમીષાએ એના ડ્રોઅરમાંથી પ્લેનની ટિકિટ પણ પકડી પાડી હતી. કૌટિલ્યની દલીલ હતી કે એ ટિકિટ એક જ જણની હતી પણ પેલી ઓફિસની નખરાળી રિસેપ્શનિસ્ટ લવલીન જુદી ટિકિટ પણ કઢાવી શકે ને?

એક વાર અમીષાના હાથમાં કૌટિલ્યના ચંડીગઢના ફોટા પણ આવી ગયા હતા જેમાં એક ફોટામાં લવલીન કૌટિલ્યનો હાથ પકડીને ખુશખુશાલ મુદ્રામાં ઊભી હતી. અમીષાના ઉશ્કેરાટને કૌટિલ્યએ એમ કહીને ઉડાવી માર્યો હતો કે એ ફોટો તો એ ગુસ્સે ન થાય એટલે એણે અમીષાને બતાવ્યો નહોતો. અને હાથ પકડીને ઊભા રહેવું એ કંઈ વ્યભિચારની નિશાની નથી. બીજા મિત્રો સાથે પણ એવા ફોટા છે જ. અમીષાની ટૂંકી બુદ્ધિને શંકા સિવાય કશું આવડતું નથી.

અને લવલીન તો ચંડીગઢનાં વખાણ કરતાં થાકતી નહોતી. એક વાર વાત-વાતમાં એણે જ અમીષાને કહેલું, "ઓહ, ચંડીગઢ ઈઝ સચ અ વેલપ્લાંડ સિટી, અને ત્યાંથી શિમલા....ઓહ ગોડ, હેવન ઈઝ ધેર ઓન્લી...."

પણ હવે અમીષા ગાંઠ વાળીને બેઠી હતી કે આ બંનેના સંબંધને કોઈ પણ ભોગે ઊઘાડો પાડવો. એક વખત "ઓફિસના કામે જઉં છું" કહીને નીકળેલા કૌટિલ્યનો એણે પીછો કર્યો ત્યારે એ એરપોર્ટ પર ચંડીગઢની ફ્લાઈટનું શિડ્યુલ વાંચતો દેખાયો. ઓફિસમાં ફોન કરીને લવલીનની તપાસ કરતાં એ રજા ઉપર છે એવું જાણવા મળ્યું.

અમીષાનો પિત્તો ગયો. કૌટિલ્ય એરપોર્ટમાં અંદર ઓગળી જાય એ પહેલાં ધસી જઈને એણે એનો કોલર પકડ્યો. "બોલ, ક્યું ઓફિસનું કામ કરવા જાય છે તું ચંડીગઢ? ક્યારે આવવાની છે તારી એ સગલી?"

કૌટિલ્યના ચહેરા ઉપર એ જ બેફિકરાઈ હતી, "આખરે તેં તારી બાળકબુધ્ધિનું પ્રદર્શન કરી જ દીધું ને? હા, હું જઉં છું ચંડીગઢ. કેમ, જાણવું છે તારે? હું ત્યાં પહેલી વાર ગયો હતો ત્યારે અમે એક અનાથાશ્રમની વિઝિટ કરી હતી. એમાં એક આઠેક વર્ષનો છોકરો છે જેને એપીલેપ્સી એટલે કે આંચકી આવવાની બીમારી છે. ઘણાં લોકો બાળકોને દત્તક લેવા આવે છે પણ એને કોઈ લઈ જતું નથી. તું એમ સમજ કે મેં એને દત્તક લઈ લીધો છે. હું એનું ભરણ-પોષણ કરું છું અને એને વારંવાર મળવા જઉં છું. તને આ બધું નહીં સમજાય એટલે તને કહ્યું નથી."

અમીષાની આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં, "કૌટિલ્ય, મારામાં એટલી પણ બાળકબુદ્ધિ નથી. એપીલેપ્સીમાં મેં મારા નાના ભાઈને વર્ષો પહેલાં ગુમાવ્યો છે. તને ટાયલાવેડા પસંદ નથી એટલે તારી આગળ ક્યારેય રડી નથી." તે પછીના મહીને કૌટિલ્યને એના ડ્રોઅરમાંથી મિ. કૌટિલ્ય વોરા અને મિસીસ અમીષા કૌટિલ્ય વોરાના નામથી બુક થયેલ ચંડીગઢની ટિકિટો મળી.

# સમય 'સત્ય' સિવાયની દરેક વસ્તુઓને કચરાપેટીમાં નાખી દે છે



લાગણીનો મેળો
રસિક વાળંદ

દુષ્કરોમાં સૌથી દુષ્કર શું હશે?
મોહ ને મહોરા ઉતારી જીવવું.

- મનસુખલાલ ઝવેરી

દિવાળી ટાણે બહેનને ત્યાં જવાનું થયું... જમી પરવારી સૌ વાતે વળગ્યાં હતાં... ત્યાં ગામઠી જણાતી આધેડ વયની એક બાઈ આવી... બહેને મીઠો આવકાર આપ્યો... પાણીનો પ્યાલો ધર્યો... તો આ બાઈ ઊભી થઈને થોડે છેટે જઈ એક હાથે ખોબો ધરી પાણી પીધું... કુશળ સમાચાર પૂછ્યા... ચા પણ પીધી... ધીરે રહી એ બાઈ બોલી "ભાઈ ક્યાં છે?"જવાબ મળ્યો, "હમણાં આવતા હશે..." બહેને અમારી ઓળખાણ આપી... "આ મારા ભાઈ છે... શિક્ષક છે...વગેરે... વગેરે... સંવાદ પૂરો થયો... પેલી બાઈએ વાતમાં સૂર પુરાવ્યો... "મારો એકનો એક ભાઈ હતો તે મૃત્યુ પામ્યો... આજે પણ ભૂલાતો નથી પરંતુ "આ" મારા ભાઈ જેવા અદ્દલ એટલે જ્યારે ભાઈ યાદ આવે ત્યારે અહીં આવુ છુ... ખબર અંતર પૂછી એમને મળીને જાઉં તો હૈયાને જરીક ટાઢક વળે છે... બળેવ વખતે તો રાખડી લઈને આવું જ છું..." એ બાઈની વેદના ભરી લાગણી મનેય ભીંજવી ગઈ!!!

હમણાં ભાઈશ્રી માધવ ગઢવી એ પોતાની મુખપોથીમાં એક હૃદયસ્પર્શી સંવેદન મૂક્યું જેમાં... "એક સદગૃહસ્થની ષષ્ઠીપૂર્તિ નિમિત્તે સંતવાણીનો કાર્યક્રમ યોજાયો... એમાં એ પરિવારનાં દાદીને આદરમાન સાથે ઉચ્ચાસને બેસાડી "માતૃવંદના" રૂપે પૂજન-અર્ચન કરી ચાર-ચાર પેઢીના તમામ સદસ્યોએ દાદીમાના ચરણ પખાળી ચરણામૃત લઇ કૃતજ્ઞતા વ્યક્ત કરી..."

આવી અદભુતને અભૂતપૂર્વ ઘટનાઓ માનવ સમાજને ઘણું બધું શીખવી જાય છે...

દોસ્તો, તમારી આસપાસના દસ-બાર વડીલોનું ઓબ્ઝર્વેશન કરો... કેટલાની આંખોમાં સુખ-શાંતિ, સંતોષ, સૌમ્યતા જોવા મળે છે? તમને નવાઈ પણ લાગશે ને દુઃખ પણ થશે. જીવનના સાત-આઠ દાયકા પસાર કર્યા પછીયે મોહ, માયા, લોભ-લાલચ નો પીછો છોડતા જ નથી... મોટાભાગના વડીલો તો નિસાસા જ નાખતા બેઠા હોય... હવે પહેલા જેવું નથી... ઘોર કળિયુગ આવી ગયો... બધું ખલાસ થઈ ગયું... અમે જે જોયું-જીવ્યા એવું હવે કોઈ ન જીવી શકે... વગેરે... વગેરે... હવે જાણે સૂરજ ઉગશે જ નહીં...જીવનની એક્ઝિટ લેવા ને ટાણે આવી હતાશા... નિઃસાસા ને નિઃશ્વાસ...!!

કેટલાક વડીલો તો માત્ર... હવે ભગવાન લઈ લે તો સારું... મરી જઈશું. ની નાહક બુમરાણ મચાવતા કણસી રહે છે...

મને ઘણીવાર વિચાર આવે કે જેમ શાળામાં માતૃભાષા કે કક્કો બારાક્ષરીથી શરૂઆત થાય પછી ક્રમશઃ હિન્દી... અંગ્રેજી... ઉપરાંત અન્ય વિષયોનો અભ્યાસક્રમ ચાલે છે... એમ આવું જીવનમાં હોય ખરું?! અમુક વર્ષો પછી વ્યક્તિનાં વાણી, વર્તન, વિચારમાં ભક્તિ, ઈશસ્પર્શ કે સજ્જનતાના પાઠ જીવનમાં પાકા કરવાના કે નહીં?! આ તો પહેલા ધોરણનો વિદ્યાર્થી કક્કો બારાક્ષારી કરે અને દસમાનો વિદ્યાર્થી પણ એ જ ગોખ્યા કરે... તો પછી બે ધોરણ વચ્ચે તફાવત શાનો?! નાનું બાળક આહાર-નિંદ્રામાં રત... યુવાન ખાઈ-પીને જલસા કરે અને વૃદ્ધો પણ એમાં જ રચ્યાપચ્યા રહે તો દાયકાઓ વિતાવેલા જીવતરનું મૂલ્ય શું?! દાયકાઓ વિતાવ્યા પછી કંઈક સિદ્ધ કર્યું હોય એવો આત્મરણકો જીવતરમાં હોવો જોઈએ... નહીંતર જીવતર એળે ગયું સમજો... માત્ર અળસિયાં જેવું જીવી જવાનો કોઈ અર્થ ખરો?!

જીવનના ઉત્તરાર્ધમાં તો વિજયી સ્મિત હોવું જોઈએ... વૃદ્ધત્વના પ્રત્યેક પગલાંમાં સંતોષ અને આત્મવિશ્વાસ છલકતા હોવાં જોઈએ... આવા વડીલોના સાનિધ્યે કોઈ પ્રસંગ કે ઉત્સવના માહોલ જેવો થનગનાટ અનુભવાય તો ભયો... ભયો... પૂ.પાંડુરંગ શાસ્ત્રીજી હળવો કટાક્ષ કરતાં કહેતા... "ઘસાયેલો રડતો ડોસો એટલે ઘરડો." આપણે ઘરડા નહીં વૃદ્ધ થવાનું... વૃદ્ધ એટલે વધેલો...

ખેર, દરેક જણ જિંદગીમાં શાશ્વત સુખને શોધે છે પણ મોહ ને મોહરાં ઉતારે તો ને!!!

સ્પર્શમણિ

એક જેવી જ દેખાતી હોય છે દીવાસળીઓ માણસની જેમ પણ અમુક પ્રગટાવે અને અમુક સળગાવે

● ● ●

સમય "સત્ય" સિવાયની દરેક વસ્તુઓને કચરાપેટીમાં નાખી દે છે.

- rasikvaland1965@gmail.com
- ૯૯૧૩૪ ૨૬૯૪૯